<u>ક્રિમીનલ કેસ નં.૧૫૯૯/૨૦૨૩.</u>

<u>આંક–૦૧ લગત હુકમ.</u>

(૧) આ કામના **આરોપી નં. ૧. સંદીપ મોહનભાઈ કટારા, ૨. રવિ બુધાભાઈ હઠીલા તથા ૩. જેસિંગભાઈ દલુભાઈ પરમાર, રહે. બધા દાહોદવાળા** વિરૂધ્ધ જુગાર ધારા, ૧૮૮૭ની કલમ–૧૨ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આજરોજ ઉપરોકત આરોપીઓએ તેમની સામેના જુગાર ધારા, ૧૮૮૭ની કલમ–૧૨ મુજબના આક્ષેપ અંગે ગુન્હો કબુલ કરતી કબુલાત પુરસીસ આંક–૦૪થી આંક–૦૬ સુધીમાં આ અદાલત સમક્ષ રજુ કરેલ છે. જેથી આરોપીઓની આંક–૦૭થી આંક–૦૯ સુધીમાં પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીઓએ તેમની સામેના સદર ગુન્હાની કબુલાત સ્વૈચ્છીક રીતે, સમજી, વિચારીને કરેલી છે.

આરોપીઓ તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે, તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે, જેથી દયા કરવા અરજ કરેલ છે. આમ, હાલના કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ – સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર તથા ૨૦૧૫(૧) લોઝ જી. જે. એચ. ૨૭૭ – ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ રાજેશકુમાર રતનલાલ સીંધીનો ચુકાદો વંચાણે લઈ તથા આરોપીઓના વિશેષ સંજોગો ધ્યાને લઈ આ તેમનો પ્રથમ ગુનો હોય તેમને સુધરવાની તક આપતા ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : <u>હુકમ</u> : –**

આ કામના **આરોપી નં. ૧. સંદીપ મોહનભાઈ કટારા, ૨. રવિ બુધાભાઈ હઠીલા તથા ૩. જેસિંગભાઈ દલુભાઈ પરમાર, રહે. બધા દાહોદવાળાઓને** ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારા, ૧૮૮૭ની કલમ–૧૨ મુજબના ગુન્હા માટે દરેકને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા કલમ–૧૨ હેઠળ રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) લેખે કુલ રૂા.૯૦૦/– (અંકે રૂપિયા નવસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેમને દિન–૩૦ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય બાદ, મુદામાલ પાવતી નં. ૧૦૫/૨૦૨૧થી કબ્જે લેવાયેલ મુદામાલ રોકડ રકમ શ્રી સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય બાકી રહેલ મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

દાહોદ.

તારીખ :– ૧૧/૦૨/૨૦૨૩.
લોક–અદાલત, સ્પે. સીટીંગ.

(આર. ડી. કકકડ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દાહોદ–જી.જે–૦૧૨૩૭.